

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

સત્તાના મેદાને ખેલે મલ્લયુદ્ધ ઢોંગ થાય છે,
એકમેક પછાડવાની વૃત્તિનો રોગ થાય છે,
ફોગ થાય છે નિયમો, કાયદાને બંધારણ -
રાજકીય ગોદ્ધા લડે ને 'કોર્ટ'નો ભોગ થાય છે.
(વિશ્વાસમતના આદેશો)

હાઈકુ

'જાહેરાતો' થી
પ્રજા થાય છે રોજ -
'એપ્રિલ ફૂલ'
(વિકાસના વાયદા)

શ્રીશ્રી-અંબાણી,
'અનુપમ' ભક્તિનો
મળ્યો એવોર્ડ!
(એક હાથે લે, બીજે હાથે દે)

### ચિંતન

**અર્થસિદ્ધિં પરામિચ્છન્ ધર્મમેવાદિતશ્ચરેત ।**
**ન હિ ધર્માદ્દપૈત્યર્થઃ સ્વર્ગ લોકા દિવામૃતમ્ ॥**

કેટલાક લોકોની માન્યતા છે કે યુવાનીમાં તમામ ખોટું-સાચું-ગોરખધંધા-ગેરરીતિ કરી ખૂબ કમાઈ લ્યો! પછી વૃદ્ધાવસ્થામાં એ જ પૈસાથી દાન-પુણ્ય અને ધર્મ કરશું આ ભ્રમણાનો વિદુરજી જવાબ આપે આવે છે.

ઉત્કૃષ્ઠ પરંપરા-કાર્યસિદ્ધિ-મોક્ષ પ્રાપ્તિની ઈચ્છા રાખનાર વ્યક્તિને પ્રથમથી જ જીવનની શરૂઆતથી જ ધર્મ-સત્યનું આચરણ કરીને જ ધન-સંચય-કમાણી કરવી જોઈએ. કેમ કે સ્વર્ગલોકથી અમૃત કંઈ અલગ નથી હોતું. તેમ ધર્મથી અર્થસિદ્ધિ પણ અલગ નથી.

પૈસાની કલાણી કરવી એમાં જ સત્ય અને ધર્મથી પ્રાપ્તિ કરવી એ દ્વારા મળેલી લક્ષ્મી જ 'સુલક્ષ્મી' કહેવાય જે ટકે-સુખ-શાંતિ આપે સારા પુણ્યકર્મના વિચાર પણ આપે. અધર્મ-અસત્યથી આવેલી લક્ષ્મી માણસના વિચાર પેરવી નાખે છે જેને પાછળી અવસ્થામાં 'ધર્મ' સમજાતો - દેખાતો - યાદ આવતો જ નથી.

### સુવિચાર

- મારી ટેનિસ કોર્ટની બહાર કોઈ બંદૂકના ભડાકા કરતું હોય અને તોય મેં ટેનિસ રમવાનું ચાલુ રાખ્યું હોય એ જ મારી એકાગ્રતા તથા મારી સફળતાનું રહસ્ય - **સેરેના વિલિયમ્સ**
- પ્રશંસાને કાનથી પીવી એના જેવું બીજું મોટું કોઈ પાપ નથી - **મહાભારત**
- જો સુંદર ચહેરો ભલામણ પત્ર હોય તો સુંદર પવિત્ર હૃદય વિશ્વાસપત્ર છે - **અનિકેત**
- ભ્રાતૃભાવથી કરેલી સેવા કરતાં આત્મભાવથી કરેલી સેવા ઉત્તમ છે - **મનુસ્મૃતિ**
- સત્ય, સદાચાર, શીલ અને સહિષ્ણુતાનો સરવાળો એટલે 'સૌંદર્ય' - **કવિ નાનાલાલ**
- 'હું' અને 'મારું' કરતાં કરતાં 'આપણે' અને 'આપણું' કરવાથી જીવન વધારે હર્યુંભર્યું અને સુખશાંતિમય લાગશે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેમ લીલાં કાચના ચશ્મા પહેર્યા પછી બધું જ લીલું દેખાય છે તેમ સંતોષ ધારણ કર્યા પછી સમગ્ર સંસાર આનંદરુપ દેખાય છે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : પાકા શેતૂરનું શરબત ગરમીમાં ઠંડક આપે છે **(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

ભક્તિ-કર્મ-જ્ઞાન-સત્ય-સમાજસેવા-ધ્યાન-તપ-ત્યાગ-અનેક માર્ગ છે ઈશ્વર પ્રાપ્તિના. તમને ગમે તે એકને વિશ્વાસ-શ્રદ્ધાપૂર્વક વળગી રહો - ઈશ્વર મળશે - પણ દર સપ્તાહે પંથ-સંપ્રદાય-ગુરુ બદલાવતા રહેશો તો કંઈ નહીં મળે.

ત્રણ યુવાન સંત પાસે ગયા. ઈશ્વરની પ્રાપ્તિનો માર્ગ પૂછ્યો. સંતે પહેલાને કહ્યું નદી કાંઠે બેસી જાય, ચિંતન કર - ચોવીસ કલાક પછી મને મળજે.

બીજાને કહ્યું, જો પેલા વૃક્ષ પર મોટો મધપૂડો છે તેનું નિરીક્ષણ કર, ચોવીસ કલાક પછી મને મળજે.

ત્રીજાને કહ્યું, આ પુસ્તકમાં એક શબ્દ પર વજન આપવામાં આવ્યું છે તે શોધી કાઢ. કાલે મળજે.

ચોવીસ કલાક પછી ત્રણે પાછા આવ્યા અને પોતાનાં નિરીક્ષણ ચિંતનની વાત કરી.

પહેલો કહે, નદી કહે છે લોકકલ્યાણ માટે વહેતા રહો ઈશ્વરીય આનંદ મળશે.

બીજો કહે, પરિશ્રમથી મધ એકઠું કરો પણ બીજા માટે.

ત્રીજો કહે, આ પુસ્તકમાં 'સત્ય' શબ્દનું મહત્વ સમજાવ્યું છે. 'સત્ય' માર્ગે ચાલવાથી જ ઈશ્વર મળે છે.

સંત ત્રણેના નિરીક્ષણ-ચિંતનથી ખૂશ થયા.

## ડાન્સબાર માટે આચારસંહિતા

### તંત્રીસ્થાનેથી...

મહારાષ્ટ્ર સરકારે સુપ્રીમ કોર્ટના આદેશનું સન્માન કરીને મુંબઈ સહિતનાં શહેરોમાં ચાલતા ડાન્સબાર ફરી શરુ કરવા દેવાની દિશામાં આગળ વધતાં પહેલાં કેટલાક કડક કાયદા કાનૂનની જોગવાઈ કરવાનું નક્કી કર્યું છે. બારબાળાઓ માટે ડાન્સબાર એ આજીવિકાનું સાધન છે તે સર્વવિદિત છે અને ખુદ સુપ્રીમ કોર્ટે આ જ મુદ્દે જીવવાના અને આજીવિકાર્થે પોતાની કળાનો વિનિયોગ કરવાના બારબાળાઓના અધિકારને મહત્ત્વ આપ્યું છે. પરંતુ મુંબઈ-નાસિકના ડાન્સબાર રીતસરની વૈશ્યાવૃત્તિનાં પોષક બની રહ્યાં હોવાની બાબત પણ વિચારણા માગી લે છે. મહારાષ્ટ્ર સરકારે આવી દેહવ્યાપારની પ્રવૃત્તિ વિરુદ્ધ વિધાનસભામાં સર્વસંમતિથી કાયદો પસાર કરીને સ્ત્રીઓના યૌનશોષણનાં કેન્દ્રો બની રહેલ ડાન્સબાર પર પ્રતિબંધ લાદ્યો હતો. આ પ્રતિબંધ લદાતાં લાખો બારબાળાઓ બેકાર બની ગઈ અને ડાન્સબાર ચલાવતાં રેસ્ટોરન્ટ પર દયામણી સ્થિતિમાં આવી ગયા હતા. એમની અરજી પર મુંબઈ હાઈકોર્ટે પણ સરકારનું રુખનું જ સમર્થન કરતાં એ બધાંએ સુપ્રીમકોર્ટનું શરણું લીધું હતું, જેમાં બારબાળાઓની આજીવિકા ઝૂંટવાઈ જતાં એમને મને-કમને દેહવિક્રયના માર્ગે વળી જવું પડતું હોવાની રજૂઆત થઈ હતી. ડાન્સબારમાં દારૂ પીરસતી બારબાળાઓના નૃત્ય પર ફીદા થઈ હાથમાં દારૂની પ્યાલી લઈ નાચતા કામુક ગ્રાહકો નશામાં ભાન ભૂલી એમને અડપલાં ન કરે તો જ નવાઈ. વળી બાર માલિકો આવી હરકતો સામે આંખ મિચામણાં જ કરતા રહે કારણ કે એમને તો ધંધો ચલાવવો છે. સુપ્રીમ કોર્ટની નજરમાં આ મુદ્દો હતો જ. તેથી રાજય સરકારને ડાન્સબાર ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લેવાનો આદેશ આપતી વખતે એણે કેટલાક દિશાનિર્દેશ અને નિયમોનું પાલન કરાય એવો આગ્રહ પણ રાખ્યો છે. આ દિશા નિર્દેશોને અનુરુપ મહારાષ્ટ્ર સરકારે જે નવો કાયદો ઘડવાનું નક્કી કર્યું છે તે મુજબ બારબાળાને સ્પર્શ કરવો તે પણ ગુનો ગણાશે. વળી તે બદલ ૨૫૦૦૦થી લઈ ૪૯૦૦૦ સુધીનો દંડ અને છ માસની સજા પણ થઈ શકશે. એ જ રીતે આવી પ્રવૃત્તિ ચલાવી લેનાર ડાન્સબારના માલિકને ૨૫ લાખ દંડ અને છ વર્ષની સજા સુદ્ધાની જોગવાઈ નવા ડાન્સબાર કાનૂનમાં કરાયેલ છે. આથી બારમાલિકો અને બારબાળાઓમાં ભારે ફફડાટ પેસી ગયો છે. બારબાળાઓ ચેનલોમાં કેમેરા સમક્ષ આવી નિવેદન કરી રહી છે કે માણસ માંડ ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયા ખર્ચવાની તૈયારી સાથે ડાન્સબારમાં આવતો હોય તે આવી સજાની જોગવાઈવાળો કાયદો લાગુ થતાં ડાન્સબારમાં આવવાનો વિચાર સુદ્ધાં કઈ રીતે કરી શકશે? હવે ગ્રાહકો બારબાળાઓના નાચ વખતે એમના પર રૂપિયા નહીં ઉડાડી શકે. આ ખરડો ઘડવા માટે મુખ્યમંત્રી ફડણવીસે ૨૫ સભ્યોની સર્વપક્ષીય સમિતિ બનાવી હતી. મહારાષ્ટ્ર સરકાર વિપક્ષોના આક્ષેપોથી બચવા માટે આ મુદ્દે એમને પણ સાથે રાખીને ચાલી રહી છે. ખાસ તો શિવસેનાને આવા નૈતિક મુદ્દાઓ પર સરકાર સામે ઊહાપોહ કરવાની કોઈ તક ન મળી જાય, એની કાળજી રાખવી પડે એમ હતી. એક તરફ આ સ્ત્રી ગૌરવના સંરક્ષણની બાબત હતી તો બીજી તરફ બારબાળાઓની આજીવિકાનો મુદ્દો હતો. જયારે સુપ્રીમ કોર્ટે આ મુદ્દે માનવીય અભિગમ અપનાવ્યો ત્યારે રાજય સરકારે પણ ફૂંકી ફૂંકીને પગલાં ભર્યાં છે. અલબત્ત, ખરડો કાયદો બની ગયા પછી એના અમલીકરણ મુદ્દે તંત્ર કેટલું ગંભીર રહેશે તે પ્રશ્ન છે.

## સીકલસેલ રોગ શું છે?



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

શકરીબા બોલ્યા આ છોકરીને જન્મી છે ત્યારની માંદી ને માંદી રહે છે. કોઈ વખત શરદી થયી જાય. કોઈ વખત તાવ આવે, કોઈ વખત હાથ દુઃખે છે. કોઈ વખત પગ દુઃખે છે. ગામના વચ્ચે જે ડોકટર છે તેમણે દર અઠવાડિયે બતાવું પડે છે. ડોક્ટર દવા આપે છે. પણ કોઈ ફરક જણાતો નથી. દર અઠવાડિયે ડોક્ટરને પૈસા આપીને થાકી ગયા. માતાજી અને ભગવાનની કેટલી બાધા રાખી.પણ માતાજી અને ભગવાન અમારી સામે જોતા નથી. હે! અંબાજીમા આ છોકરી ને સારુ થયી જશે તો મારી છોકરી ને ઉઘાડા પગે તમારા દર્શન કરવા માટે આવીશ. મોંઘામાં મોંઘી ચુંદડી ચડાવીશ અને કંકુનો વરસાદ કરીશ. મા તું તો બધાના દુઃખ હરનારી છે. હું કશુજ નથી માગતી મા બસ મારી દીકરીને સારી કરી દે. કેટલા અરમાનથી મારા ઘરે દીકરીનો જન્મ થયો છે. મા તે જ આપી છે. એકની એક દીકરી છે. એને પરણાવાના બહુ મોટા કોડ છે. આખી નાતમા કોઈ ના કર્યા હોય એવા લગ્ન કરીશ. લોકો જોતા રહેશે. શકરીબાએ બહુ કરી. પણ મા મારી દીકરી ને અત્યારે તો હરણ જેવી કરી દે. આ બધી વાતો બાજુમાં ઉભેલા અરુણાબેન સાંભળતા હતા. એ સ્કુલમાં હાયર-સેકન્ડરીમાં શિક્ષિકા હતા. એ બોલી શકરીબા ખોટું ના લાગે તો એક વાત કહું. શકરીબાએ કહ્યું બુન બોલ, અમારે તો ગાય વાળે એ ગોવાળ. તુ સલાહ આપે અને દીકરીને સારુ થયી જાય તો તુજ અમારી અંબાજીમા. અરુણાએ કહ્યું કે તમારી આ દીકરી આખી પીળી દેખાય છે. તેના હાથ પગ પર ચાંદા પડ્યા છે. શરીર મા દુખાવાની ફરિયાદ કરે છે. દુખાવા સાથેનો સોજો છે. એના હાથ પર, પગ પર સોજો છે. દીકરીને નજીક બોલાવીને કહ્યું આવો બેટા, તને શું શુ થાય છે? દીકરીએ કહ્યું મને છાતીમા દુખે છે. પેટમા દુખે છે. હાથ અને પગ માં દુખે છે. અને જયારે જયારે ઠંડી અથવા ગરમી વધારે પડે ત્યારે હાથ પગમા સોજા વધે છે. આંખોમા દુખાવો થાય છે. બહુ અશક્તિ લાગે છે. ખાવા પીવાનું મન થતું નથી. અરુણાબેને બધું સાંભળયું અને કહ્યું શકરીબા આ છેકારી ને શહેરમા લઇ જઈને કોઈ સારા ડોકટરને બતાવો. ઈલાજ કરવો. નહીતો માતાજી પાછી બોલાવી દેશે. શ્રદ્ધાથી બાધા રાખવી એમાં કઈ ખોટું નથી પણ દવા અને દુવા જો ભેગા મળે તો તરતજ એની અસર થાય છે. શકરીબા તમે તૈયાર હોવ તો હું તમારી સાથે આવીશ. અને આપને કોઈ સારા ડોક્ટરની સલાહ લઈશું. શકરીબા બોલ્યા મારા દીકરા મનોજને તો કમાવા માંથી ફુરસદ મળતી નથી. રોજ સવારે ટીફીન લઈને જાય છે અને નોકરી માંથી મોડો આવે છે. કહેશે કે કંપની માંથી રજાઓ મળતી નથી. અને છેકારીની મા અખો દિવસ ઘરનું કામ કરે છે અને ભેંસો ના કામમાંથી ઉંચીજ નથી આવતી. શકરીબા બોલ્યા, અરુણા આપને કાલેજ જઈએ. અને તું કહે એ ડોક્ટરને બતાવીએ. બીજા દિવસે સવારે અરુણા, દીકરી અને શકરીબા શહેરમા ડોક્ટરને ત્યાં પહોંચ્યા. દવાખાનામા પહોંચતાજ રીસેપ્રીસ્ટ બહેને કહ્યું કે આ દીકરીની પહેલેથી એપોઈન્ટમેંટ લીધી છે? ડોક્ટર સાહેબ ૧૦ વાગે આવશે અને એપોઈન્ટમેંટ વાળા દદીઓને જ જોશે. આજે તમારો નંબર નહિ આવે. ૧૦ દિવસ પછી બતાવવા આવજો. શકરીબા રડવા લાગ્યા. અરે બુન, આ દીકરી આટલી બધી માંદી છે. ૧૦ દિવસ પછી શું નું શું થયી જશે. અમારે તો આજેજ બતાવવું છે.

રીસેપ્રીસ્ટે કહ્યું આજની એપોઈન્ટમેંટ ફુલ છે. આજે નંબર નહી લાગે. અરુણાબેન બોલ્યા આવુંતો થોડું ચાલે. અમે ૪૫ કી.મી. દુરથી આવ્યા છીએ અને તું કહેશે કે આજે નહી જુવે. અમે આજે બતાવીને જ જઈશું. ઈમરજન્સીના પૈસા લેવા હોય તો લઇ લો પણ અમે તો આજે જ બતાવીને જઈશું. શકરીબા રડતા અવાજે બોલ્યા બુન માતાજી તારું સારુ કરશે. તું અંબાજી માતાનો અવતાર છે બેન. અમારું આટલું કામ કરીદે. અમે ડોક્ટર નું નામ સાંભળીને આવ્યા છીએ. તુ અમને નારાજ ના કર. રીસેપ્રીસ્ટને દયા આવી. એને કહ્યું બધા દર્દીઓને જોયા પછી સમય વધશે તો સાહેબ જોશે અથવા કોઈએ એપોઈન્ટમેંટ લીધી હોય અને ના આવે તો વચ્ચે લઇ લઈશ. શકરીબા અને અરુણાને હાશ થયું. ડોક્ટર આવ્યા દદીઓ તપાસવા માંડ્યા. લગભગ ૨ કલાક પછી શકરીબા ને અંદર સિસ્ટરે બોલાવ્યા. ડોકટરે કહ્યું કોને તપાસવાનું છે? આ દીકરીનેજ ને? આવ બેટા. આ ટેબલ પર સુઈ જા. ડોકટરે તપાસ શરુ કરી. છાતી પર સ્તેથોસ્કોપ મુક્યું અને દીકરીને પ્રશ્નો પૂછ્યા. દીકરી કડકડાટ બોલવા લાગી. આખા શરીર સોજા આવે છે. અશક્તિ ખુબ લાગે છે. ડોકટરે બરાબર તપાસ કર્યા પછી કહ્યું, આમ સહેલાઈથી નિદાન થયી શકે એમ નથી. આને લોહી ટેસ્ટ અને એક્શ-રે કરાવ્યા પછીજ હું દવા લખી શકીશ. શરીર ખુબ પીળું પડી ગયેલું છે એટલે લોહી ખુબ ઘટી ગયું છે. લોહીનો વિકાર હોય એવું લાગે છે. તમે જઈને તપાસ કરાવો પછી લોહીના રીપોર્ટ સાથે પાછા આવો. આના માથાની પેટર્ન પરથીતો સીકલસેલ હોય એવું લાગે છે. આ દીકરીએ જે

અનુસંધાન પાના નં. ૭ પર

## વિક્રમશીલા વિશ્વવિદ્યાલયની સ્થાપના કોણે કરી હતી?



ખજાનો
અનિલ પટેલ

### ભારતનો ઇતિહાસ

(૧) ભારતીય સંસ્કૃતિના ઈતિહાસ મુજબ અથર્વવેદના ઉપવેદ શિલ્પવેદના રચયિતા કોણ હતા?
(અ) બ્રહ્મા (બ) વિશ્વકર્મા
(ક) વિષ્ણુ (ડ) વાસ્તુદેવ

(૨) ૧૯૨૧માં રાયબહાદુર દયારામ સાહનીએ સૌ પ્રથમ કયા અવશેષો શોધ્યા હતા?
(અ) હડપ્પા (બ) લોથલ
(ક) ધોલાવીરા (ડ) મોઢેરા

(૩) ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં કયો ગ્રીક રાજદૂત રહ્યો હતો?
(અ) સેક્યુલર નીકેટર (બ) માર્કોપોલો
(ક) મેગસ્થનીઝ (ડ) વોલ્ટર ગેનીજ

(૪) ચંદ્રગુપ્ત બીજાના શાસન દરમિયાન કયા ચીની મુસાફરે ભારતની મુલાકાત લીધી હતી?
(અ) માર્કોપોલો (બ) મેફીયો પોલો
(ક) હાફિયાન (ડ) ચિંગવોન

(૫) જયચંદ અને મહંમદ ઘોરી વચ્ચે કયાં યુદ્ધ થયું હતું?
(અ) ચંદાવર (બ) હલ્દી ઘાટી
(ક) કુરુક્ષેત્ર (ડ) તરાઈ

(૬) મહંમદ ઘોરી અને પૃથ્વીરાજ ચૌહાણ વચ્ચે કયા સ્થળે યુદ્ધ થયું હતું?
(અ) હલ્દી ઘાટી (બ) ચંદાવર
(ક) તરાઈ (ડ) મેવાડ

(૭) ગંગશાસક અનંતવર્મન ને દક્ષિણ ભારતનું કયાં પ્રસિદ્ધ મંદિરનું નિર્માણ કર્યુ હતું?
(અ) કોણાર્ક મંદિર (બ) તિરુપતિ બાલાજી
(ક) રામેશ્વર (ડ) જગન્નાથપુરી

(૮) ભારત પર ઈ.સ. ૯૮૬માં આક્રમણ કરનાર પ્રથમ તુર્ક મુસ્લિમ કોણ હતો?
(અ) કુતબુદ્દીન ઐબક (બ) સુબુક્તગીન
(ક) ઈલ્તુતમિશ (ડ) મોહંમદ બિન કાસિમ

(૯) ભારતમાં ગુલામવંશની સ્થાપના કોણે કરી?
(અ) ઈલ્તુતમિશ (બ) મોહંમદ બિન કાસિમ
(ક) કુત્બુદ્દીન ઐબક (ડ) જલ્લાલુદ્દન ખિલજી

(૧૦) ભારતના ઈતિહાસમાં 'બીજો સિકંદર' તરીકે કયો મુસ્લિમ શાસક ઓળખાય છે?
(અ) અલાઉદ્દીન ખિલજી (બ) અમીર ખુશરો
(ક) ગ્યાસુદ્દીન તલઘખ (ડ) કુત્બુદ્દીન ઐબક

(૧૧) 'દલ ચાલીસા' નું ગઠન કોણે કર્યું હતું?
(અ) કુત્બુદ્દીન ઐબકે (બ) જલ્લાલુદ્દીન ખિલજીએ
(ક) ઈલ્તુતમિશે (ડ) મલિક કાફરે

(૧૨) કયો મુસ્લિમ સુલ્તાન 'બુદ્ધિમાન મૂર્ખ સુલતાન' તરીકે ઈતિહાસમાં જાણીતો છે?
(અ) મહોમદ બિન તુઘલક (બ) ગ્યાસુદ્દીન તઘલક
(ક) જલાલુદ્દીન ખિલજી (ડ) ફિરોઝશાહ તઘલક

(૧૩) સૈયદ વંશની સ્થાપના કોણે કરી હતી?
(અ) જૂના ખાં (બ) ખ્રિજ ખાં
(ક) બહલોલ લોદી (ડ) અમીર ખુશરો

(૧૪) પરમાર વંશનો સૌથી વધુ લોકપ્રિય અને યશસ્વી રાજા કોણ હતો?
(અ) રાજા ભોજ (બ) યશોવર્ધન
(ક) લક્ષ્મણસેન (ડ) ભીમદેવ સોલંકી

(૧૫) વિક્રમશીલા વિશ્વવિદ્યાલયની સ્થાપના કોણે કરી હતી?
(અ) લક્ષ્મણસેને (બ) પાલ શાસક ધર્મપાલે
(ક) પુલકેશિન બીજાએ (ડ) મહેન્દ્ર વર્મને

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧ એપ્રિલ ૧૯૧૯ — જોસેફ ઈ. મુરે : અમેરિકન સર્જન, ૧૯૯૦માં 'માનવરોગ મટાડવા અવયવોના સેલના ટ્રાન્સપ્લાન્ટની સફળતા માટે નોબેલ પારિતોષિક મળ્યું'
- ૧ એપ્રિલ ૧૯૧૬ — જહોન હોલ્ટર : એમેરિકન સંશોધક હાઈડ્રોસેફલસની બિમારી (મગજમાં પાણી ભરાવુ) ના કેસમાં 'વાલ્વ'નો ઉપયોગ કરનાર અને બનાવનાર
- ૨ એપ્રિલ ૧૮૭૭ — કાર્લ એલ્સબર્ગ : અમેરીકન એગ્રીકલ્ચરલ કેમીસ્ટ, દરિયાઈ ખોરાક (શી ફૂડ)માં રહેલ ઝેરની માત્રા પર સંશોધન કરનાર
- ૨ એપ્રિલ ૧૮૭૫ — વોલ્ટર ક્રીસ્ટલર : અમેરીકન ઉદ્યોગપતિ અને સંશોધક, ક્રિસ્ટલર મોટરના ફાઉન્ડર, ઓટોમોબાઈલ્સ સંશોધક
- ૩ એપ્રિલ ૧૮૪૨ — હર્મન કાર્લ વોગેન : જર્મન ખગોળશાસ્ત્રી, સ્પેક્ટ્રોસ્કોપીક બાયનરીના સંશોધક, ખગોળમાં એક જ સ્થાને ઉપરાઉપર દેખાતા બે તારાઓને ઓળખવાની ટેકનિક આપનાર
- ૩ એપ્રિલ ૧૮૩૭ — જહોન બુરુગોસ : અમેરીકન પર્યાવરણશાસ્ત્રી અને લેખક, હડસન નદીના ખીણોનો પ્રાકૃતિક અભ્યાસ કરનાર
- ૪ એપ્રિલ ૧૯૧૪ — જેનક કોપાલ : કેઝ અપકારા સંશોધક ચંદ્રની સપાટી પરના નકશાનું મેપીંગ કરનાર
- ૪ એપ્રિલ ૧૮૯૨ — રેઈનમુથ કાર્લ : જર્મન ખગોળશાસ્ત્રી, સૂર્યમંડળની બહાર નાના મોટા ૩૮૯ લઘુ ગ્રહોની શોધ કરનાર
- ૫ એપ્રિલ ૧૮૯૨ — લોરેન્સ ડેલ બેલ : અમેરીકન એરક્રાફ્ટ ડિઝાઈનર, બેલ એરક્રાફ્ટ કંપનીના સ્થાપક
- ૫ એપ્રિલ ૧૮૭૭ — વોલ્ટર એસ. સુટ્ટોન : અમેરીકન જનીન વૈજ્ઞાનિક, ક્રોમોઝોમ, આનુવાંસિકતા માટે જવાબદાર છે તેવું સાબિત કરનાર પ્રથમ વૈજ્ઞાનિક
- ૬ એપ્રિલ૧૯૧૧ — ફેડોર લીનેન : જર્મન બાયોકેમીસ્ટ - કોલેસ્ટ્રોલ, ફેટી એસીડ, મેટાબોલીઝમ પર સંશોધન બદલ ૧૯૬૪માં નોબેલ પ્રાઈઝ મળ્યું.
- ૬ એપ્રિલ ૧૯૦૩ — હેરાલ્ડ ઈ. ઈડગ્લટોન : અમેરીકન એન્જીનીયર, અલ્ટ્રા હાઈસ્પીડ ફોટોગ્રાફી ટેકનિક આપનાર
- ૭ એપ્રિલ ૧૮૬૦ — ડબલ્યું કે. કેલોગ : અમેરીકન ઉદ્યોગપતિ અને સંશોધક, બ્રેકફાસ્ટ ફૂડ પ્રોડક્ટ વિકસાવનાર
- ૭ એપ્રિલ ૧૮૫૯ — જેક્સ લોએબ : જર્મન-અમેરીકન બાયોલોજીસ્ટ, કૃત્રિમ યેપોજીન્સ બનાવનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : દિલ્હી ખાતે યોજાયેલ શ્રી શ્રી રવિશંકરના મેઘા સાંસ્કૃતિક કાર્યક્રમને કઈ પર્યાવરણીય સંસ્થાએ શરુઆતમાં મંજૂરી આપી ન હતી?**
**જવાબ : 'નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ' દિલ્હી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

*(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી (૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઇન્ફો, જુ. સા.કોલેજ (૫) વૈભવી બી. પટેલ, ઉમિયા ઉદય સોસા., કુડાસણ (૬) ભાવના અનિલકુમાર મકવાણા : ન્યુ ગાંધીનગર*

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ઉત્તરાંચલની હરીશ રાવતની સરકારને અસ્થિર કરવામાં તેમના જ પક્ષના કયા ભૂતપૂર્વ સી.એમ. સક્રિય છે?**
**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ક (૪) ક (૫) અ (૬) ક (૭) ડ (૮) બ (૯) ક (૧૦) અ (૧૧) ક (૧૨) અ (૧૩) બ (૧૪) અ (૧૫) બ

## ॥ આ છે મહાભારત કથા ॥



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

૨૭મી માર્ચ વિશ્વરંગભૂમિ દિન છે. આ નિમિત્તે સાહિત્ય અને રંગમંચના ક્ષેત્રની એક અદ્દભૂત ઘટનાને યાદ કરવાનું થાય છે, સમગ્ર મહાભારતની કથાને આધારે જયાં-કલોદ-કાર્યેર એ ફ્રેન્ચમાં મહાનાટકની રચના કરી એ એમની સાથે રહીને પીટર બ્રૂકએ આનો અંગ્રેજી અનુવાદ કર્યો છે. પીટર બ્રૂક આ મહાનાટકના નિર્દેશક છે.


ઈ.સ.૧૯૮૭માં લંડન પાસેના ગ્લાસગો થિયેટર પર આ મહાનાટક ભજવાયું ત્યારે સુરેશ દલાલ અને ઉત્પલ ભાયાણીએ આનો અભિનય જોયો. ત્યાર પછી ઉત્પલભાઈએ આનો ગુજરાતી અનુવાદ ઈ.સ. ૧૯૯૧માં ઈમેજ પબ્લિકેશન્સ, મુંબઈથી પ્રકાશિત કર્યો.

આ નાટકની સમગ્ર રજૂઆત ૧૧ કલાકની છે. નાટક ત્રણ-ત્રણ કલાકના ત્રણ વિભાગમાં રજૂ થાય. પહેલા અને બીજા વચ્ચે એક કલાકનો તેમજ બીજા અને ત્રીજા વચ્ચે એક કલાકનો વિરામ. વિરામના સમયમાં અભિનેતા-અભિનેત્રીઓ પ્રેક્ષકો વચ્ચે પોતાની વેશભૂષા સાથે આવી જાય, જુદા જુદા વીસ દેશોના છવ્વીસ કલાકો નાની મોટી અડતાલીસ ભૂમિકાઓ ભજવે આમાં ભારતમાંથી મલ્લિકા સારાભાઈ સત્યવતી અને દ્રૌપદીની ભૂમિકા ભજવે. ભારતમાંથી આ એક જ કલાકાર.

વાર્તાનું વિભાજન આ રીતે છે : વિભાગ ૧ દ્યૂત : વિષયો - પ્રારંભ, તારુણ્ય, વિવાહ અને રાજયપ્રાપ્તિ, રાજાધિરાજ, દ્યૂત ક્રીડા. વિભાગ ૨ : વનવાસ : વિષયો - પાંડવો ભયમાં, વનમાં, શસ્ત્રોની શોધ, વિરાટ રાજાની સભામાં, ગૌ ગ્રહણ, રણભૂમિ પર, મહોરાં ઊતરે છે, દુર્યોધન અને અર્જુન-કૃષ્ણની પાસે, વિશિષ્ટ - કૃષ્ણનો અંતિમ પ્રયાસ. વિભાગ-૩ : વિષયો - ભગવદ્ ગીતા, કુન્તી અને કર્ણ, અભિમન્યુવધ ઘટોત્કચ વધ, દ્રોણવધ, કર્ણ સેનાપતિ, દુઃશાસન વધ-કર્ણ વધ, દુર્યોધન વધ - યુદ્ધની સમાપ્તિ, કૃષ્ણનું અવસાન, નદી કિનારે, અંતિમ આભાસ.

વિભાગ-૩માં યુધિષ્ઠિર અને યક્ષનો સંવાદ છે, તે રસપ્રદ છે.

યુધિષ્ઠિર : મારી પરીક્ષા કરો.
અવાજ : બોલ, પવનથી પણ ઝડપી શું છે?
યુધિષ્ઠિર : વિચાર.
અવાજ : પૃથ્વીને કોણ ઢાંકી શકે?
યુધિષ્ઠિર : અંધકાર.
અવાજ : સંખ્યામાં કોણ વધુ છે, જીવતા કે મરેલા?
યુધિષ્ઠિર : જીવતા, કારણ કે મરેલા તો હવે છે જ નહિ.
અવાજ : અવકાશનું મને એક ઉદાહરણ આપ.
યુધિષ્ઠિર : અંજલિ કરેલા મારા હાથ.



અવાજ : શોકનું દૃષ્ટાંત
યુધિષ્ઠિર : અજ્ઞાન.
અવાજ : વિષનું
યુધિષ્ઠિર : ઝંખના
અવાજ : પરાજયનું એક દૃષ્ટાંત
યુધિષ્ઠિર : વિજય
અવાજ : જગતનું કારણ શું છે?
યુધિષ્ઠિર : પ્રેમ.
અવાજ : તારું વિરોધી કોણ છે?
યુધિષ્ઠિર : મારી જાત.



અવાજ : ગાંડપણ શું છે?
યુધિષ્ઠિર : એક ભુલાયેલો પથ.
અવાજ : અને વિદ્રોહ? માણસો શા માટે વિદ્રોહ કરે છે?
યુધિષ્ઠિર : સૌંદર્યની ખોજમાં, જીવનના કે પછી મરણ પછીના
અવાજ : આપણે દરેક માટે શું અનિવાર્ય છે?
યુધિષ્ઠિર : સુખ
અવાજ : અને જગતનું સૌથી મોટું આશ્ચર્ય?
યુધિષ્ઠિર : દરરોજ મૃત્યુ છાપો મારે છે, અને આપણે જાણે અમર હોઈએ એમ જીવીએ છીએ. આ સૌથી મોટું આશ્ચર્ય છે.
અવાજ : તારા બધા ભાઈઓ સજીવન થાય. કારણ હું, ધર્મરાજ છું. તારો પિતા. હું સત્ય છું, સાતત્ય છું, સૃષ્ટિનું ઋત છે.

આ મહાનાટકનો પ્રથમવાર અભિનય થયો ત્યારે, સન્ડે ટાઈમ્સમાં લેખ છપાયો - આ સદીની રંગમંચની ઘટના.